C/25
Done

લાઇબ્રેરી વિભાગ

સંદેશ - ૨૫/૦૬/૧૯ મંગળવાર

## ન્યૂઝ ફોકસ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ચોથો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાયો



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ ડૉ. ભાવિન ત્રિવેદી એક અખબારી યાદીમાં જણાવે છે કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિર્સિટીનો ચોથો વાર્ષિક પદવીદાન સમારંભ ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓ. પી. કોહલીની અધ્યક્ષતામાં યોજાયો. યુનિવર્સિટી દ્વારા ચોથા પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓના સ્નાતક અને અનુસ્નાતક વિવિધ વિષયમાં પ્રથમ ક્રમે આવનાર ૩૭ વિદ્યાર્થીઓને ગોલ્ડ, બીજા ક્રમે આવનાર ૩૮ વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ અને ત્રીજા ક્રમે આવનારા ૪૫ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા તથા ૧૨,૦૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. ચોથા પદવીદાન સમારંભની શરૂઆતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે સૌ ચંદ્રક વિજેતાઓને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન આપતા કાર્યક્રમમાં પધારેલ સૌ મહેમાનો તથા સૌ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. આ પ્રસંગે IGNOUના કુલપતિ પ્રો. નાગેશ્વર રાવે વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપ્યું હતું.

## આયકર અને રાષ્ટ્ર નિર્માણ પર વ્યાખ્યાન

તા.૨૫-૦૬-૨૦૧૯ને મંગળવારના રોજ ૩-૩૦ વાગ્યે સભાખંડ, અહિંસા શોધ ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આયકર વિભાગ (રેન્જ-૪)ના મુખ્ય આયકર આયુક્ત નરેશભાઈ બાલોદિયા (IRS)નું 'આયકર અને રાષ્ટ્ર નિર્માણ' વિષય પર વ્યાખ્યાન તથા ચર્ચા ગોઠવવામાં આવેલ છે. સૌ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા વિનંતી છે. આયકરને લગતા જિજ્ઞાસા પ્રશ્નોનું સમાધાન આ કાર્યક્રમમાં મેળવી શકાશે.